# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20/09/2026** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **સાબરમતી જેલની મુલાકાત દરમિયાન કેદીઓ સાથે સંવાદ સાધતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે કેદીઓને જરૂરી સુવિધા આપવા સરકાર કટિબધ્ધ.**
2. **ભાવનગરની સર ટી હોસ્પિટલની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમૂબેને બાંભણિયાની ઉપસ્થિતીમાં સમીક્ષા બેઠક.**
3. **અમદાવાદના દાણીલિમડા વિસ્તારમાંથી કેફી પદાર્થ સાથે એકની ધરપકડ ફરાર આરોપીની શોધખોળ.**
4. **ગોધરામાં આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરાશે.**
5. **ક્રિકેટમાં, ભારતીય મહિલા ટીમ એશિયન ગેમ્સની સેમિફાઇનલમાં આજે બાંગ્લાદેશ સામે રમશે.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# CM VISIT

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલની મુલાકાત લઈ કેદીઓ સાથે સંવાદ કર્યો. મુખ્યમંત્રીએ કેદીઓ પાસેથી 'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' ભજનનું શ્રવણ કરી, સાચા વૈષ્ણવજન બનવા અનુરોધ કર્યો. જેલમાં કાર્યરત વિવિધ કૌશલ્ય વિકાસ કેન્દ્રોની મુલાકાત લઈ, કેદીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની ખરીદી કરી.

મુખ્યમંત્રીએ કેદીઓને પણ જરૂરી સુવિધાઓ મળી રહે તેનું ધ્યાન રાજ્ય સરકાર દ્વારા રાખવામાં આવી રહ્યું હોવાનું કહ્યું હતું. મુખ્યમંત્રીએ આઝાદીની લડત દરમિયાન સરદાર પટેલ, ઝવેરચંદ મેઘાણી, અબ્બાસ તૈયબજી, રવિશંકર મહારાજ અને રસિકલાલ પરીખ જેવા મહાનુભાવોએ સાબરમતી મધ્યસ્થ જેલના જે ઓરડાઓમાં નિવાસ કર્યો હતો, તેની મુલાકાત પણ લીધી હતી.

# CM GANESH FESTIVAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગણેશોત્સવના પર્વ પ્રસંગે શહેરના કેટલાંક ગણપતિ પંડાલની મુલાકાત લઈ બાપ્પાના દર્શન કર્યા હતા.

તેમણે અમદાવાદના મણિનગર વિસ્તારમાં આવેલી દક્ષિણી સોસાયટીમાં વર્ષોથી પરંપરાગત રીતે ઉજવાતા ગણેશોત્સવમાં હજારી આપી ગણેશજીની પૂજા-અર્ચના કરી. આરતી ઉતારી રાજ્યના નાગરિકોની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. આયોજકો, સ્થાનિક અગ્રણીઓ અને રહિશો દ્વારા મુખ્યમંત્રીશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી રાણીપ વિસ્તારમાં આયોજિત ગણેશોત્સવમાં પણ સહભાગી થયા હતા અને શ્રીજીનાં દર્શન કરીને શુભાશિષ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ ગણેશ મહોત્સવમાં દર્શન કરવા આવેલા નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું અને ભૂલકાંઓ સાથે વાર્તાલાપ કર્યો હતો.

મુખ્યમંત્રીએ લાલબાગ ચા રાજાની તર્જ પર બનેલા 'ખાડિયાના ગણરાજ'ના ભાવ - ભક્તિપૂર્વક દર્શન કર્યા હતા.

# DAHOD HARSH SANGHVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા ખાતે આવેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની મુલાકાત લઈ અહીં યોજાઈ રહેલી વિવિધ રમતગમતની સ્પર્ધાઓ નિહાળી હતી. તેમણે વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહેલા ખેલાડીઓને પ્રોત્સાહિત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી કુસ્તી, કરાટે, આર્ચરી, રસ્સાખેંચ, દોડ સહિતની વિવિધ રમતગમતની સ્પર્ધાઓનું નાયબ મુખ્યમંત્રીએ નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે દોડની સ્પર્ધામાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.તેમણે ખેલાડીઓ સાથે સંવાદ કરી રમતગમત ક્ષેત્રે સતત મહેનત, શિસ્ત અને સમર્પણ સાથે આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. અહીં તેમણે આદિવાસી સમાજના યુવાનો સાથે સંવાદ પણ સાદયો હતો.

# NIMUBEN BAMBHANIYA REVIEW MEETING

ભાવનગરની સર ટી. હોસ્પિટલની, કાર્યક્ષમતા વધારવા અને દર્દીઓને અદ્યતન તબીબી સેવાઓ પૂરી પાડવાના હેતુથી, અમદાવાદ ખાતે કેન્દ્રીય મંત્રી નિમૂબેન બાંભણીયાની અધ્યક્ષતામાં એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ સત્વરે ભરવા, જરૂરી તબીબી સાધનો ઝડપથી ઉપલબ્ધ કરાવવા, ખરીદ પ્રક્રિયાના સરલીકરણ અને હોસ્પિટલમાં અદ્યતન IT સપોર્ટ તથા ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ મજબૂત કરવા વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જરૂરિયાતમંદ દર્દીઓને સરળતાથી કેશલેસ સારવાર મળી રહે તે માટે હેલ્પડેસ્ક અને ક્લેમ પ્રક્રિયા વધુ સુવ્યવસ્થિત કરવા સૂચના અપાઈ હતી. ડાયાબિટીસ, કેન્સર અને હૃદયરોગના પ્રારંભિક નિદાન અને મફત દવા વિતરણની સેવાઓ વધુ સઘન બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

કેન્દ્રીય મંત્રી નિમુબેને આ  અંગે ઝડપી પગલાં લેવા માર્ગદર્શન આપ્યું હતું, અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ મહત્તમ લોકો સુધી પોંહચાડવા દિશા નિર્દેશ આપ્યા હતા.

# SEVA SANKALP-SOLAR REVOLUTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશ સેવાના મંત્ર અને નિરંતર પ્રતિબદ્ધતાથી જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે અમે સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણી પ્રસારિત કરી રહ્યા છીએ. આ કડીમાં આજે અમે માહિતી આપી રહ્યા છીએ સૌર ક્રાંતિ વિશે..

**(CAPSULE: SEVA SANKALP ABHIYAAN - SOLAR REVOLUTION)**

**(VC: MAYUR SOLANKI)**

(તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત સમર્પિત સૌર ઊર્જા નીતિ રજૂ કરનારું પ્રથમ રાજ્ય બન્યું. આગળ જતાં પ્રધાનમંત્રી સૂર્ય ઘર: મફત વીજળી યોજના પણ ઓગસ્ટ 2026 સુધીમાં 51 લાખથી વધુ પરિવારું સુધી પહોંચી છે અને 14.8 GWની રૂફટોપ સૌર ઊર્જા ક્ષમતા સ્થાપિત થઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું આ યોજના હવે ઊર્જા બચત ઉપરાંત રોજગારીનું પણ માધ્યમ બની છે.)

**[BYTE: PRIME MINISTER]**

સુરેન્દ્રનગરના લાભાર્થી દિનેશ મકવાણા જણાવે છે કે આ યોજનાથી તેમનું વીજળી બિલ શૂન્ય થઈ ગયું છે.

**[BYTE: DINESH MAKWANA, BENEFICIARY]**

આ પરિવર્તન એક નવી જ વ્યવસ્થાનું નિર્માણ કરી રહ્યું છે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# VIKSIT BHARAT ART

**'સેવા સંકલ્પ અભિયાન-2026' અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા 'વિકસિત ભારત-2047' વિષય પર વિશેષ ચિત્ર સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**આ પ્રસંગે ઉપસ્થિત ધારાસભ્ય રાજેન્દ્રભાઈ રાઠવાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ 'વિકસિત ભારત-2047'ની પરિકલ્પના દર્શાવતી ચિત્ર સ્પર્ધામાં ઉત્સાહભેર લઈ આકર્ષક ચિત્રો તૈયાર કર્યા હતા.**

## (BYTE: RAJENDRA RATHWA – MLA)

*("એ નાના નાના બાળકો, વિદ્યાર્થીઓ ૨૦૪૭ માં વિકસિત ભારત કેવું હોવું જોઈએ એની પરિકલ્પનાના ભાગરૂપે એમના માતા-પિતા, એમના શિક્ષકો અને ગ્રામના અન્ય આગેવાનો સાથે ચર્ચા-વિચારણા કરી અને આ ચિત્રો એમને દોર્યા છે. આવનારા ભારત માટે એ લોકો આવો વિચાર કરે છે.")*

# ATMANIRBHAR GRIHINI

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગઇકાલે અમદાવાદ ખાતે ‘આત્મનિર્ભર ગૃહિણી કાર્યક્રમ’ યોજાયો હતો

આ કાર્યક્રમનો હેતુ રાજ્યની ગૃહિણીઓને ઉદ્યોગસાહસિકતા તરફ પ્રેરિત કરી વધુ આત્મનિર્ભર બનાવવાનો હતો. આ પ્રસંગે રાજ્યના શહેરી વિકાસ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાએ  મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી મહિલાઓને સશક્તિકરણ તથા સરકારી પ્રોત્સાહનો અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અને મહિલાઓને ઉધોગ શરૂ કરી આગળ આવવાની હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં મહિલા સશકિતકરણ સાથે સંકળાયેલ સફળ મહિલાઓએ પણ હાજર માર્ગદર્શન આપ્યું હતું.

# SEVA SANKALP ABHIYAN

**'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત અમદાવાદમાં વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો યોજાયા હતા.**

**અમદાવાદની 2 હજાર 186 શાળાઓમાં 15 વિવિધ થીમ આધારિત ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં 4 લાખ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાના સર્જનાત્મક ચિત્રો રજૂ કર્યા હતા અને 56 હજાર 200 બાળકોએ ઉત્સાહપૂર્વક વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો.**

**પ્રધાનમંત્રીના સેવા-સુશાસનના 25 વર્ષ નિમિત્તે ગાંધીનગર લોકસભા વિસ્તારની 96 શાળાઓને 150 કોમ્પ્યુટર અને વંચિત બાળકોને કીટ વિતરણ કરાયું હતું.**

# AKASHWANI VISIT

માહિતી અને પ્રસારણ મંત્રાલયના વરિષ્ઠ આર્થિક સલાહકાર રવિન્દ્ર કુમાર જેનાએ ગઇકાલે આકાશવાણી અમદાવાદની મુલાકાત લીધી હતી. તેમણે સ્ટુડિયો, કંટ્રોલ રૂમ, આર્કાઇવલ રૂમનું નિરીક્ષણ કર્યું હતું અને આકાશવાણી, દૂરદર્શન અને પીઆઈબીના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. તેમણે 'સ્વચ્છતા હી સેવા' હેઠળ કરવામાં આવેલા કાર્યની સમીક્ષા પણ કરી હતી.

**(BYTE: RAVINDRA KUMAR JENA, SENIOR ECONOMIC ADVISOR)**

***("मैंने आकाशवाणी कैंपस में देखा हूं बहुत सारे अच्छा काम हुआ है, स्वच्छता मेंटेन किए हैं। ये हमारा उद्देश्य है कि स्वच्छता कैसे बना रखें और आने वाले दिन में कैसे हम स्वच्छ और विकसित भारत बना सकते हैं ये प्रयास हमका जारी रहेगा। तो स्वच्छ एनवायरमेंट एक हेल्दी एनवायरमेंट होता है काम के लिए और आपका हेल्थ के लिए इसीलिए भारत सरकार ये दोनों स्पेशल कैंपेन जो शुरू होगा उसका तैयारी चल रहा है और स्वच्छता ही सेवा जो १७ तारीख से शुरू हुआ सेकंड अक्टूबर तक चलेगा उसका भी जो मीडिया यूनिट्स है उसको अच्छा तरीके से कर रहा है।")***

શ્રી જેનાએ આકાશવાણી પરિસરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

# GANJO RECOVERED

અમદાવાદના દાણીલીમડા પોલીસે 200 ગ્રામ કેફી પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસને મળેલી બાતમીના આધારે આ ધરપકડ કરીને **NDPS**ની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ નશાકારક પદાર્થના ફરાર સપ્લાયરની શોધ કરી રહી હોવાનું એસીપી યુવરાજ સિંહ ગોહિલે જણાવ્યું હતું.

**(BYTE: YUVRAJSINH GOHIL, ACP, AHMEDABAD)**

*("એક વ્યક્તિ કો જબ અટકાયત કી તો પતા ચલા કી ઉનકે પાસ સે ૨૦૦ ગ્રામ ગાંજે કા જથ્થા મિલા હૈ જિસકી કિંમત ૧૦,૦૦૦ રૂપયે હૈ। જિસમે જો એક વ્યક્તિ કો પકડા ગયા થા ઉનકા નામ હૈ યુનુસ તો છૂટક ગાંજે કા સેલિંગ કા કામ કરતા હૈ। યે જો માલ હૈ વો ઉસકો સલમાન વ્યક્તિ ને દિયા થા જે અભી વોન્ટેડ હૈ।")*

# PANCHMAHAL GANESH VISARJAN

પંચમહાલના ગોધરામાં આજે ગણેશ વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાશે. બપોરે 12 વાગીને 39 મિનિટે શુભ મુહૂર્તમાં વિશ્વકર્મા ચોકથી વિસર્જન યાત્રાનો પ્રારંભ થશે. આશરે ત્રણ કિલોમીટર લાંબા રૂટ પર 4 હજારથી વધુ પોલીસકર્મીઓનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે. જેમાં 3 ડીએસપી, 12 ડીવાયએસપી, એક બીએસએફ કંપની, બે આરએએફ કંપની, 2 એસઆરપીએફ જવાનો સહિતનો પોલીસ કાફલો તૈનાત રહેશે. આશરે 80 ડ્રોન કેમેરા અને લાઇવ સ્ટ્રીમિંગ દ્વારા પણ નજર રાખવામાં આવશે. શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ બંદોબસ્ત રહેશે. ક્રેઇન દ્વારા ગણેશ પ્રતિમાઓનું વિસર્જન કરાશે.

# ASIAN GAMES- CRICKET

ક્રિકેટમાં ભારતીય મહિલા ટીમ એશિયન ગેમ્સની સેમિફાઇનલમાં પહોંચી છે. ભારત આજે કોરોગી એથ્લેટિક પાર્ક ખાતે સેમિફાઇનલમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે સાડા દસ વાગ્યે શરૂ થશે.

અગાઉ, શુક્રવારે રમાયેલી ક્વાર્ટર ફાઇનલ મેચમાં ભારતે જાપાન સામે આઠ વિકેટે જીત મેળવી હતી.